Date :05/04/2025

# ANNUAL FUNCTION : 2025














**તા : 05/04/2025 ને શનિવારના રોજ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત તેમજ કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન એસ.વી.કોલેજ ઓફ એજયુકેશન અને સૂરજબા કોલેજ ઓફ એજયુકેશન, કડીના સંયુક્ત ઉપક્રમે 23 માં વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શૈક્ષણિક , સાંસ્કૃતિક તેમજ રમતગમત ક્ષેત્રે વિશિષ્ઠ સિદ્ધિ પ્રાપ્ત કરનાર તાલીમાર્થીઓને શિલ્ડ,ટ્રોફી તથા પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કોલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ.ભાવિક એમ શાહ સાહેબે મહેમાનોનું સ્વાગત કરી કોલેજની પ્રગતિની ઝાંખી રજૂ કરી હતી. કડવા પાટીદાર કેળવણી ઉતેજક મંડળના પ્રમુખ શ્રી ડૉ. મણીભાઈ પટેલ સાહેબે કાર્યક્રમ માં હાજર રહી સર્વ તાલીમાર્થીઓને અભિનંદન તથા આશીર્વચન પાઠવ્યા હતા. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે સેન્ટર ઑફ એજ્યુકેશન, આઈ. આઇ. ટી ઇ. ગાંધીનગરના પ્રિન્સિપાલ પ્રો. ડૉ. કલ્પેશ પાઠક સાહેબે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.**

Visit

Date :11/03/2025

# EDUCATIONAL VISIT
















**તા. 11/03/2025 ના રોજ GCERT, મહાત્મા મંદિર, અડાલજની વાવ જેવા સ્થળોએ શૈક્ષણિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.**

Date : 05/03/2025

Co-curricular activities

# FINEARTS COMPETITIONS









તા: 05/03/2025 ના રોજ મહેંદી તેમજ ચિત્ર સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

Date : 01/03/2025

Co-curricular activities

# STORY WRITING COMPETITION












**તા: 01/03/2025 ના રોજ વાર્તા લેખન સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.**

**Day Celebration**

Date :28/02/2025

# રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ



















**તારીખ 28/02/2025ના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ઉજવવામાં આવ્યો હતો. આ ઉજવણીના ભાગરૂપે તાલીમાર્થીઓએ વિજ્ઞાન દિન વિશે, રોજિંદા જીવનમાં વિજ્ઞાનનું મહત્વ અને વિજ્ઞાનના ભવિષ્યના દ્રષ્ટિકોણ વિશે માહિતી આપી હતી. આ ઉપરાંત વિજ્ઞાન વિશેના સમાચાર, ગીત, જાણવા જેવું અને ક્વિઝ પણ રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે કોલેજના આચાર્યશ્રી ડૉ. ભાવિક એમ. શાહએ વિજ્ઞાન અને જીવનનો અનુબંધ કરાવતા જીવનમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ વિકસાવવા અંગેના વિષય પર પ્રવચન આપી રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની શુભેચ્છા પાઠવી**

**Day Celebration**

**Date :22/02/2025**

# Sports Day








**તા. 22/02/2025 ના રોજ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 65 જેટલા તાલીમાર્થીઓએ ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. આચાર્યશ્રી ડો. ભાવિક એમ. શાહ દ્વારા મશાલ પ્રગટાવી તથા તાલીમાર્થીઓ દ્વારા મસાલ માર્ચ કરી આ રમતોત્સવને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. રમતોત્સવમાં કેરમ, ચેસ, બેડમિન્ટન, 100 મીટર દોડ, ગોળા ફેંક, લીંબુ ચમચી, કોથળા કૂદ, લાંબી કૂદ, ત્રિપગી દોડ, સ્લો સાયકલિંગ, દોરડા કૂદ, રસ્સાખેંચ જેવી સ્પર્ધા કરાવવામાં આવી હતી. જેમાં વિજેતા તાલીમાર્થીઓને મેડલ તથા સર્ટિફિકેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.**

**Day Celebration**

**Date :21/02/2025**

# વિશ્વ માતૃભાષા દિવસ










**તારીખ 21/02/2025 ના રોજ વિશ્વ માતૃભાષા દિવસ ઉજવવામાં આવ્યો. આ ઉજવણીના ભાગરૂપે ગુજરાતી ભાષાને સમૃદ્ધ કરવામાં યોગદાન આપનાર જાણીતા ગુજરાતી સાહિત્યકારના જીવન-કવન, માતૃભાષાનું મહત્વ, અને માતૃભાષાના ગૌરવગાન કરતું ગીત તાલીમાર્થીઓ દ્વારા રજુ કરવામાં આવ્યું.આ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલ ડૉ. ભાવિક એમ. શાહએ જીવન અને શિક્ષણમાં માતૃભાષાનું મહત્વ વિષય પર માર્મિક પ્રવચન આપી માતૃભાષા દિવસની શુભેચ્છા પાઠવી હતી.**

**Day Celebration**

**Date :25/01/2025**

# રાષ્ટ્રીય મતદાતા દિવસ







**તારીખ 25-01-2025 ના રોજ રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં તાલીમાર્થીએ પ્રાર્થના સભામાં રાષ્ટ્રીય મતદાતા દિવસનું મહત્વ અને ભારતમાં યુવાનોમાં મતદાન વિશે જાગૃતિ આવે તે અંગેની રજૂઆત કરવામાં આવી.**


Day Celebration

Date :22/12/2024

# રાષ્ટ્રીય ગણિત દિવસ











**તારીખ 22-12-2024 ના રોજ ઉપક્રમે મહાન ગણિતશાસ્ત્રી શ્રીનિવાસ રામાનુજનના જન્મદિવસ નિમિત્તે રાષ્ટ્રીય ગણિત દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં બી.એડ.ના પ્રશિક્ષણાર્થીઓએ શ્રીનિવાસ રામાનુજનના જીવન પ્રસંગોને આવરી લેતી PPT પ્રેઝન્ટેશન, ગણિત ગઝલ તેમજ પ્રશ્ન મંચ જેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું.**

Date : 21/12/2024

Co-curricular activities

# MONO ACTING COMPETITION














**તા. 21/12/2024 ના રોજ " એક પાત્રીય અભિનય” સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કુલ 16 તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં તાલીમાર્થીઓએ વિવિધ પાત્રો પર અભિનય રજૂ કર્યા હતા. જેમાં પ્રથમ નંબર નાયક મયુરી, બીજો નંબર તાવીયા પ્રીતિ અને ત્રીજો નંબર ઠાકોર આરતીએ મેળવ્યો હતો. આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે કેમ્પસના પ્રાધ્યાપકશ્રી ઉદયભાઈ વૈદ્ય અને પ્રાધ્યાપક ધ્રુમિલભાઈ રાજ્યગુરુએ સેવા આપી હતી.**

**Day Celebration**

**Date :10/12/2024**

# માનવ અધિકાર દિવસ













**તારીખ 10-12- 2024 ના રોજ માનવ અધિકાર દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં તાલીમાર્થીઓને માનવ અધિકાર દિવસનું મહત્વ અને ભારતમાં કેવી રીતે ઉજવવામાં આવે છે તેમજ વિશ્વના વિવિધ દેશોમાં માનવ અધિકાર દિવસની ઉજવણી કેવી રીતે કરવામાં આવે છે તે અંતર્ગત તાલીમાર્થીઓને માહિતી આપવામાં આવી હતી.**

**Day Celebration**

**Date :26/11/2024**

# રાષ્ટ્રીય બંધારણ દિવસ












**તારીખ 26-11- 2024 ના રોજ રાષ્ટ્રીય બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં તાલીમાર્થીઓને ભારતના બંધારણ વિશેની સમજુતી આપવામાં આવી હતી.**

**Day Celebration**

**Date :01/10/2024**

# Gandhi Jayanti Celebration













**તારીખ- 01/10/2024 ના રોજ ગાંધી જયંતિની ઊજવણી નિમિત્તે શ્રમદાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.**

Day Celebration

Date :16/09/2024

# WORLD OZONE DAY








તા. 16-09-2024 ના વિશ્વ ઓઝોન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં તાલીમાર્થીઓ દ્વારા વિવિધ કાર્યક્રમો જેવા કે દિન વિશેષ,ઓઝોન સ્તરનું મહત્વ, ઓઝોન સ્તર બચાવવાના ઉપાયો તેમજ ઓઝોન અંગે પ્રશ્નોતરી વગેરેનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

Day Celebration

Date :14/09/2024

# HINDI DAY CELEBRATION




**તારીખ:14/09/2024 સુધી હિન્દી સપ્તાહ ઉત્સાહભેર મનાવવામાં આવ્યો હતો, જેમાં હિન્દી ભાષા નું મહત્વ, દોહાગાન, ભજન અને બ્લેક બોર્ડ પર હિન્દી ભાષાને ગૌરવ અપાતું સાહિત્યનું નિરૂપણ કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો.**

**Day Celebration**

**Date :05/09/2024**

# TEACHERS DAY















**તારીખ- 05/09/2023 ના રોજ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણની ૧૩7મી જન્મ જયંતી નિમિત્તે શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી.**

**Day Celebration**

**Date :12/08/2024**

# SANSKRIT DAY










**તા.12/08/2024 સોમવારના રોજ "વિશ્વ સંસ્કૃત દિવસ"ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં તાલીમાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો, જેમાં સંસ્કૃતમાં એન્કરિંગ, સંસ્કૃતનું મહત્વ, સંસ્કૃતની વિશેષતા, કૃષ્ણાષ્ટકમ, મહર્ષિ વેદવ્યાસનો પરિચય, ભવનાષ્ટ્કમ, સંસ્કૃત ગીત, સંસ્કૃતમાં G.K ના પ્રશ્નો વગેરેની રજૂઆત કરવામાં આવી હતી.**

Date : 10/08/2024

**Co-curricular activities**

# FINE ARTS COMPETITIONS













તા. 10/08/2024 ના રોજ "Fine Arts” ની વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા રંગોલી, મહેંદી, ઓન ધ સ્પોટ પેઈન્ટિંગ, પોસ્ટર મેકિંગ, કાર્ડ મેકિંગ, કાર્ટુનીગ અને કોલાજ જેવી વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી તાલીમાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો

**Day Celebration** Date :09/08/2024

# WORLD TRIBAL DAY













**તા. 09/08/2024 ને શુક્રવાર ના રોજ " વિશ્વ આદિવાસી દિવસ" ની ઉજવણી કરવામાં આવી.તાલીમાર્થીઓ દ્વારા ગીત, વક્તવ્યો તથા દિન વિશેષ પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો.**

Co-curricular activities

# RAINY SONG COMPETITION












દિવ્ય ભાસ્કર મહેસાણા પુલઆઉટ 05-08-2024

**કડી સૂરજબા બી.એડ કોલેજમા વર્ષા ગીત સ્પર્ધા યોજાઇ**

કડી| કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત સૂરજબા કોલેજ ઓફ એજ્યુકેશન કોલેજમાં શનિવારે વર્ષા ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમા 18 જેટલી તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો.જેમાં પ્રથમ નંબરે ચૌધરી તેજલ, દ્વિતીય નંબરે ગામિત હેતલ અને તૃતીય નંબરે તડવી સોમેશ્વરી આવી હતી.સમગ્ર કાર્યક્રમનું સંકલન ડૉ.મનિષ એચ.જાદવ દ્વારા આચાર્ય ડૉ.ભાવિક શાહના માર્ગદર્શન હેઠળ કર્યું હતું.

**તા. 03/08/2024ના રોજ "વર્ષા ગીત સ્પર્ધા"નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા 18 જેટલી તાલીમાર્થીઓએ વર્ષા ગીત રજૂ કર્યા હતા. જેમાં પ્રથમ નંબર ચૌધરી તેજલ, દ્વિતીય નંબર ગામિત હેતલ અને તૃતીય નંબર તડવી સોમેશ્વરીએ મેળવ્યો હતો .આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે શ્રી ભાથીભાઈ રબારી તેમજ અધ્યાપિકા શ્રી ગાયત્રી એસ. ગમારે સેવા આપી હતી.**

Visit

Date :20/07/2024

# EDUCATIONAL VISIT








સર્વ વિદ્યાલય કેળવણી કડી સંચાલિત એસ.વી. કોલેજ ઓફ એજ્યુકેશન અને સૂરજબા કોલેજ ઓફ એજ્યુકેશનની શૈક્ષણિક મુલાકાત ગુજરાત સાયન્સ સીટી ખાતે યોજાઈ હતી. જ્યાં સાયન્સ સીટી દ્વારા "INTERNATIONAL MOON DAY" ઉજવણીના ભાગરૂપે SAC ISRO Ahmedabad ના ડાયરેક્ટર ડો. નિલેશભાઈ દેસાઈ સાહેબનું તજજ્ઞ વ્યાખ્યાન યોજાયું હતું જેમાં બંને કોલેજના 100 તાલીમાર્થીઓ અને 4 સ્ટાફ મિત્રો સહભાગી થયા હતા. ઉપરાંત તાલીમાર્થીઓ એ સાયન્સ સીટીના અન્ય વિભાગો જેવા કે એક્વેરિયમ ગેલેરી, રોબોટિક ગેલેરી અને 4D થિયેટરની પણ મુલાકાત લીધી હતી







સર્વ વિદ્યાલય કેળવણી કડી સંચાલિત એસ.વી. કોલેજ ઓફ એજ્યુકેશન અને સૂરજબા કોલેજ ઓફ એજ્યુકેશનની શૈક્ષણિક મુલાકાત ગુજરાત સાયન્સ સીટી ખાતે યોજાઈ હતી. જ્યાં સાયન્સ સીટી દ્વારા "INTERNATIONAL MOON DAY" ઉજવણીના ભાગરૂપે SAC ISRO Ahmedabad ના ડાયરેક્ટર ડૉ. નિલેશભાઈ દેસાઈ સાહેબનું તજજ્ઞ વ્યાખ્યાન યોજાયું હતું જેમાં બંને કોલેજના ૧૦૦ તાલીમાર્થીઓ અને ૪ સ્ટાફ મિત્રો સહભાગી થયા હતા. ઉપરાંત તાલીમાર્થીઓ એ સાયન્સ સીટીના અન્ય વિભાગો જેવા કે એક્વેરિયમ ગેલેરી, રોબોટિક ગેલેરી અને 4D થિયેટરની પણ મુલાકાત લીધી હતી.

**તારીખ 19//07/2024ના રોજ કોલેજની શૈક્ષણિક મુલાકાત ગુજરાત સાયન્સ સીટી ખાતે યોજાઈ હતી. જ્યાં સાયન્સ સીટી દ્વારા "INTERNATIONAL MOON DAY" ઉજવણીના ભાગરૂપે SAC ISRO Ahmedabad ના ડાયરેક્ટર ડૉ. નિલેશભાઈ દેસાઈ સાહેબનું તજજ્ઞ વ્યાખ્યાન યોજાયું હતું જેમાં બંને કોલેજના 100 તાલીમાર્થીઓ અને 4 સ્ટાફ મિત્રો સહભાગી થયા હતા. ઉપરાંત તાલીમાર્થીઓ એ સાયન્સ સીટીના અન્ય વિભાગો જેવા કે એક્વેરિયમ ગેલેરી, રોબોટિક ગેલેરી અને 4D થિયેટરની પણ મુલાકાત લીધી હતી.**

**Day Celebration** **Date :19/07/2024**

# GURU PURNIMA CELEBRATION







પવન એક્સપ્રેસ,પાલનપુર તારીખ.: 23/07/2024

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી, સંચાલિત સૂરજબા કોલેજ ઓફ એજ્યુકેશન કડી,જી.મહેસાણા ખાતે તારીખ ૧૯/૦૭/૨૦૨૪ના રોજ ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી .

પવન એક્સપ્રેસ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી, સંચાલિત સૂરજબા કોલેજ ઓફ એજ્યુકેશન કડી,જી.મહેસાણા ખાતે તારીખ ૧૯/૦૭/૨૦૨૪ના રોજ ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી જેમાં કુમકુમ તિલક અને કાર્ડ દ્વારા ગુરુ વંદના કરવામાં આવી હતી. ત્યારબાદ તાલીમાર્થીઓ દ્વારા વક્તવ્ય, ગીત, દોહા, નાટક ,નૃત્ય, કાવ્ય પઠન જેવી કૃતિઓ દ્વારા ગુરુજનો પ્રત્યે અહોભાવ વ્યક્ત કરવામાં આવ્યો હતો.આચાર્યશ્રી ડૉ.ભાવિક એમ. શાહે તાલીમાર્થીઓને શુભાશિષ પાઠવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. ગાયત્રીબેન ગમારે કર્યું હતું.







બુનિયાદ ન્યુઝ,પાટણ તારીખ.: 23/07/2024

કડી સર્વવિદ્યાલય ખાતે ગુરુપુર્ણિમાની ઉજવણી કરાઇ

(બુનિયાદન્યુઝ, પાટણ) સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી, સંચાલિત સૂરજબા કોલેજ ઓફ એજ્યુકેશન કડી,જી.મહેસાણા ખાતે તારીખ ૧૯/૦૭/૨૦૨૪ના રોજ ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી જેમાં કુમકુમ તિલક અને કાર્ડ દ્વારા ગુરુ વંદના કરવામાં આવી હતી. ત્યારબાદ તાલીમાર્થીઓ દ્વારા વક્તવ્ય, ગીત, દોહા, નાટક ,નૃત્ય, કાવ્ય પઠન જેવી કૃતિઓ દ્વારા ગુરુજનો પ્રત્યે અહોભાવ વ્યક્ત કરવામાં આવ્યો હતો.આચાર્યશ્રી ડૉ.ભાવિક એમ. શાહે તાલીમાર્થીઓને શુભાશિષ પાઠવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. ગાયત્રીબેન ગમારે કર્યું હતું.

**તારીખ 19//07/2024ના રોજ ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી જેમાં કુમકુમ તિલક અને કાર્ડ દ્વારા ગુરુ વંદના કરવામાં આવી હતી. ત્યારબાદ તાલીમાર્થીઓ દ્વારા વક્તવ્ય, ગીત, દોહા, નાટક ,નૃત્ય, કાવ્ય પઠન જેવી કૃતિઓ દ્વારા ગુરુજનો પ્રત્યે અહોભાવ વ્યક્ત કરવામાં આવ્યો હતો.આચાર્યશ્રી ડૉ.ભાવિક એમ. શાહે તાલીમાર્થીઓને શુભાશિષ પાઠવ્યા હતા.**

Date : 29/06/2024

Co-curricular activities

# ACTION SONG COMPETITION










તા. 29/06/2024ના રોજ "અભિનય ગીત સ્પર્ધા" નું આયોજન કરવામાં આવ્યું હતું જેમા તાલીમાર્થીઓએ બાળગીતો પર અભિનય કરી અભિનય ગીત રજૂ કર્યા હતા.આ અભિનયગીત સ્પર્ધામાં  કુલ ૨૫ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ નંબર વસાવા હેમાંગિની અને ચૌધરી સંજના તેમજ દ્વિતીય નંબર ભીલ રવિના, ચૌધરી મૈત્રી, ચૌધરી કલ્પના, ચૌધરી પિંકલ અને ચૌધરી સ્વાતિએ મેળવ્યો હતો .આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે ક.પા.પ્રાથમિક શાળાના શિક્ષક શ્રી સંગીતાબેન ગોસ્વામી તેમજ અધ્યાપિકા ડૉ. નીતા એસ. ત્રિપાઠીએ સેવા આપી હતી.

Date :21/06/2024

# YOGA DAY CELEBRATION













તા. 21/06/2024 ના રોજ સર્વ વિધાલય કેમ્પસના સંયુક્ત ઉપક્રમે 10 માં વિશ્વયોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સૂરજબા કોલેજ ઓફ એજ્યુકેશનના 42 તાલીમાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.